ઓપન માઈન્ડ With નેહા S.K. મહેતા

સંસ્કૃતિનું પાલન કરનારા લોકોને માન આપીને એમની રીતે જીવવા દઈએ

કેમ છો મારા વહાલા વાચકમિત્રો? સુપ્રભાત. આજે અચાનક સુંદર મજાની સવાર પડી. હા, મનમાં ઘણી બધી વિટંબણાઓ એક તરફ ચાલી રહી છે. એટ ધ સેમ ટાઇમ ગઈ કાલની રાત થોડીક સ્ટ્રેસફુલ પણ રહી, પણ સવાર સવારમાં એક પાઠ શીખ્યો. વડીલો કહી ગયા છેને કે તમે લોકોને સુખ આપો, તમે લોકો માટે કંઈક કરો કે કોઈ બીજાને હસાવો તો કુદરત ખુશ થઈ જાય ને તમારો મૂડ પણ સારો થઈ જાય. બરાબર! તમે વિચારતા હશો કે આજે પહેલીઓમાં કેમ વાત થઈ રહી છે. અમુક જ્ઞાન તો અમને ખબર જ છે. વાચક છીએ. તો મિત્રો! એ બધી જ્ઞાનની જે વાતો છેને એને અત્યારે મેં રૂબરૂ સાકાર થતી જોઈ, જેમ કે અત્યારે ફરી કામ અર્થે અમદાવાદ અને ગુજરાતના પ્રવાસે છું. એમાં મારા પિતાજીના ઘરે અત્યારે હું રહું ત્યાં થોડુંક સીપેજનું કડિયા કામ કરાવવાનો સમય આવ્યો.

વેલ, ખૂબ ભ્રમણ કરતા અને વ્યસ્ત રહેતા કલાકારો પણ ઘરકામમાં વ્યસ્ત રહી શકે છે. તેમ આ જવાબદારી મારા માથે આવી છે. આમ તો માત્ર હાજરી આપવાની અને ધ્યાન રાખવાની જવાબદારી. નહીં કે કાંઇ લાવવા-મૂકવાની કે કડિયા કામ કરવાની જવાબદારી, પણ જીવ કલાકારનો એટલે ક્રિએટિવિટી તો જાગે જ, એમ હું થોડું થોડું અમારા ઠેકેદારસાહેબ (કાંતિલાલ) છે એમની સાથે વાત કરતી રહું, એમના એક જ કામના અલગ અલગ રીતે બે-ત્રણ પ્રશ્નો પૂછું, કારણ કે સાવ અજાણી વસ્તુ છે મારા માટે.

હમણાં જ મને કોઇકે કહ્યું હતું કે 'બી ઓપન ટુ લર્ન ન્યુ થિન્ગ'. નવી નવી વાતો શીખવા માટે તૈયાર રહો. એ વિચાર મગજમાં હતો અને મેં ઘણા બધા પ્રશ્નો પૂછ્યા. એમને હવે લગભગ બે દિવસમાં આદત પડી ગઈ છે કે નેહાજી દરેક પ્રકારના પ્રશ્નો પૂછે છે. આપણે એમને કંટાળીને પણ હસતાં હસતાં જવાબ આપવા પડશે. હેહેહે...

તે પ્રકારની પ્રક્રિયા આજ સવાર સવારમાં પણ મેં કરી. કાંતિલાલ આવ્યા જેમની યુનિકનેસ એ છે કે જેમ લોકોને સ્પ્લિટ પર્સનાલિટી હોય તેમ તેમને સ્પ્લિટ વોઇસ ક્વોલિટી છે. યુનિકને! પર્સનાલિટીની જેમ એમની પાસે વોઇસ ક્વોલિટી છે. અમારા કાંતિલાલ બોલતા હોય એમાં અચાનક એમનો અવાજ ધીરો ને પાતળો થઈ જાય. પાછો અચાનક તેમનો અવાજ ઘોઘરો થઈ જાય. એક અલગ જ વસ્તુ એમનામાં જોઈ. આજે તેઓએ સવાર સવારમાં કામ શરૂ કર્યું ટાઇલ્સ તોડવાનું.

હવે આખી ટાઇલ્સ આવી એને તોડી અને નાની નાની કરી અને એને અગાશીમાં પાથરવાની. માટે ટાઇલ્સના નાના નાના ટુકડા કરવાનું એ આજનું કામ છે. એટલે કામ આજનું નથી તૈયારીઓ આજે કરશે ને કામ પછી કરશે, અનુક્રમે તેનો સમય આવે ત્યારે, પણ થયું એવું... ફરી પાછી વળું કે સવાર સવારમાં આજે બહુ મજા કેમ આવી? મેં આઠ-નવ જણને હસાવ્યા માટે.

હા, તેઓની દૃષ્ટિએ મારી મૂર્ખતા કે મારી અણઆવડત, પણ તે લોકોનું સ્મિતનું કારણ બન્યું. તો થયું એવું કે એ ટાઈલ્સ તોડનારા કારીગર બેઠા. એટલે મેં કીધું કે મને પણ શીખવું છે. તો ઠેકેદાર સાહેબને તો આપણી વાત માનવી પડે એટલે એમણે બે મિનિટ સમય આપ્યો, મને સમજાવ્યું, એમની કળાનું વર્ણન કર્યું, પણ પેલા જે કડિયાભાઈ છે તેમનું મોઢું સહેજ ઢીલું પડી ગયું કે સવાર સવારમાં સમય ખોટી કરે છે આ બહેન એવું એની આંખોમાં તાદૃશ્ય વાંચી શકાય, છતાં હું બેઠી.

તેમણે મને દેખાડ્યું પછી એમણે પણ એક વાર કારીગર સાથે બેઠક કરીને મને દેખાડ્યું પછી મેં એમનું ઓજાર હાથમાં લીધું અને ટક ટક કરવાનો ટ્રાય કર્યો, પણ કશું થયું નહીં. પછી પાછી એક વાર મેં કીધું ના ના, હું કરું હું કરું...

ઠેકેદાર કહે કે બહેન તમારાથી નહીં થાય. રહેવા દો, તમે તમારું કામ કરો. તમારું લખવાનું કામ છે એ કરો એટલે મેં કીધું હું તો કરીશ ઠેકેદારસાહેબ, થશે અને કારીગરસાહેબ બોલ્યા, બહેન રહેવા દો પછી શિખવાડીશ, અત્યારે મારો સમય ન બગાડશો. હું જોઈ રહી હતી કે એ એમ કહેવા માગે છે કે બકા છોડ હવે, અમારું કામ અમે જાણીએ એટલે જ અમે કારીગર કહેવાઈએ છીએ. ટૂંકમાં, ત્રણ વાર શીખવાડ્યા પછી પણ મારાથી નાની અમથી ટાઈલ્સ સરખી રીતે તૂટી નહીં અને એમને ખૂબ હસવું આવ્યું.

છતાં એમણે મારી અવગણના કરવાની જગ્યાએ કહ્યું કે જો, બહેનને કેટલો રસ છે આપણા કામમાં. હેહેહે... અંતે મારે એમની આંખોમાં જોઈ અને સમજવું પડ્યું કે બેટા, ઊઠો. હમ કો હમારા કામ કરને દો... પણ તેમણે મને એ હસતાં હસતાં એમના હાસ્યમાં સમજાવ્યું, નહીં કે મને ઠપકો આપીને અને ફરી પાછું ટાઇલ્સનાં ત્રણ ખોખાંની ઉપર બેસી સામે એક સરસ મજાની બીજી ટાઇલ્સનું સેટઅપ કરી એક એક ટાઇલ પર ટાક ટૂક ટાક ટૂક કરીને તોડવા માંડ્યા. કોઈ વસ્તુ તોડવામાં પણ સુંદરતા હોય અને કોઈ વસ્તુ તોડવી હોય તો એને સુંદરતાથી તોડવી પડે એ કળાનું નામ કડિયા કામ, જેને કહે છે 'મોઝેક ટાઇલ્સ વર્ક'.

આવી રહી મારી સુંદર સવારની શરૂઆત જેમાં મેં કોઈને હાસ્ય પીરસ્યું. અત્યારે સવારના ૮ વાગ્યા છે. લગભગ ૫૦ ટકા લોકોની સવાર તો હજુ પણ નહીં પડી હોય, પણ આ લોકોને તો લગભગ કાર્યક્ષમતાની અને એનર્જીની દૃષ્ટિએ બપોર પડી ગઈ હોય, એવી સુંદર મજાની સવાર પડી છે.

ચાર-પાંચ મહિલાઓ-સ્ત્રીઓ માથે કોથળા-તગારાં ઉપાડી એમાં રોડાં નાખી અને ફટાફટ ફટાફટ પોતાના શરીરનું બેલેન્સ જાળવી અને ઉપરથી નીચે, નીચેથી ઉપર એમના કામે લાગી ગઈ છે. એમાં મારું કંઈક ફરી પાછું ઠેકેદારને કહેવું કે... હું આમને નાસ્તો કરાવું જેથી એમને વધારે સ્ફૂર્તિ આવે. ફટાફટ કામ કરે?

તો પાછાં ત્રણેય બહેનો ફર્યા અને મારી સામે જોયું અને કહ્યું કે બહેન, અમારું બધું પતી ગયું. અમે બધું પતાવીને આવ્યાં. ઊઠી ગયાં, નાહી લીધું, જમવાનું બનાવી લીધું, લંચ લઈ લીધું અને નાસ્તો પણ કરતાં આવ્યાં. હવે ૪ વાગે ચા પાજો. ત્યારે મીઠી રીતે હું છોભીલી પડી ગઈ કે હજુ મેં ખાલી બ્રશ કર્યું છે અને નાહી પણ નથી.

અમે તો બ્રેકફાસ્ટનું પણ હજુ વિચાર્યું નથી. એટલે તમે જુઓ છોને મિત્રો, જો આપણે ડિસિપ્લિન લાવવી હોય જીવનમાં, જો આપણે પદ્ધતિસર આગળ વધવું હોય તો સવારે ઊઠીને પોતાનાં કામો પદ્ધતિસર કરવાં જ રહ્યાં. દિનચર્યા પોતાની, પોતાના સમય અને એની જરૂરિયાત પ્રમાણે નક્કી કરવી જ રહી. નહિતર કદાચ આજુબાજુનાં પક્ષીઓ, પંખીઓ, પશુ, પ્રાણીઓ પણ આપણી સામે જોતાં જોતાં હસતાં જતાં હશે. આપણને ખબર નહિ પડતી હોય, પણ હા... આ જ વસ્તુને આપણે એક નાની અમથી કુદરતની મીઠી મજાક સમજીને આપણે પણ હસીએ અને ઇશારો સમજીએ તો કદાચ આપણા વિચારો પણ બદલાય અને આપણી પણ ગાડી પાટે ચડી જાય. આપણે પણ થોડા ડિસિપ્લિન્ડ થઈ જઇએ. થોડા નિયમાનુસાર જીવવા માંડીએ તો આ લોકોની જેમ સવાર સવારમાં આપણામાં પણ એક નવી ઊર્જા, એનર્જી આવે જ.

જેમ અત્યારે પક્ષીઓનો કલરવ થઈ રહ્યો છે. ૪-૫ ગાય માતા પસાર થઇ રહી છે. બીજી બાજુ દૂધ લેવા જાઉં તો અમારાથી બે ઘર છોડીને ખાલી જગ્યાનો સુંદર પ્લોટ છે. ત્યાં જ એમના પગી છે. તેઓ પણ એક અલગ જ વ્યક્તિત્વ છે. જેટલો મંદિરોમાં નથી જોયાં કે જેટલાં આપણા ભણેલા ફેમિલીમાં નથી જોયાં એટલાં મર્યાદા ને મલાજો હું એ લોકોમાં જોતી હોઉં છું.

એ લોકોની યુનિકનેસ અને ક્વોલિટી મિત્રો એ છે કે સાસુ-સસરા, બે છોકરા-વહુઓ અને બંને વહુઓને બે છોકરા, આ

(જુઓ પાનું ૭) ▶▶

તમારા સવાલો મોકલાવો મુંબઈ સમાચારના એડ્રેસ પર પત્ર દ્વારા અથવા આ ઇમેઇલ આઇડી પરઃ

neha.mehta@bombaysamachar.com

અનિલ રાવલ
anil.rawal@bombaysamachar.com

ત્રિકાળ-૩૭

'મને એ જ નથી સમજાતું. બસ એટલું સમજાય છે કે અશોક અને હર્ષાએ પ્રેમને પોતાની જગ્યાએ રહેવા દેવો જોઇએ અને આગળ ન વધવું જોઇએ'

અંજલિ સોલિસિટરને કાબરાને મળીને આવી પછી હેમંતને વાત કરવા ઉત્સુક હતી. અને હેમંત પણ જાણતો જ હતો કે અંજલિ કોઇપણ ભોગે જાણીને આવશે.

એણે ગ્લાસ ટકરાવતા પૂછ્યું: 'શું વાત છે તારો ચહેરો આટલો ખીલી ઊઠ્યો છે.?'

'વાત જ એવી છે.' અંજલિએ કહ્યું.

'બોલ, ફટાફટ.'

અશોક અને હર્ષા ભાભીના મેરેજ પોસીબલ છે. તો તું કેમ કહેતો હતો કે કાનૂની અડચણ આવી શકે છે.?

'શું કહ્યું કાબરાએ.?' હેમંતે પૂછ્યું.

અંજલિને નવાઇ લાગી કે મેં તો કોને મળવા જાઉં છું એવું કહ્યું નથી તો આને કેમ ખબર પડી.

'અરે તને કેમ ખબર પડી.?'

'કાબરાની સેક્રેટરી..જેની પાસે અપોઇન્ટમેન્ટ લીધી એ મને અને તને બંનેને ઓળખે છે. તેં કાબરાને મારી ઓળખ ન આપી પણ તારા ગયા પછી સેક્રેટરીએ કાબરાને કહી દીધું ને કાબરાએ મને ફોન કર્યો.' બોલીને હેમંત હસવા લાગ્યો.

'શું કહ્યું કાબરાએ?' અંજલિને હવે એ જાણવામાં રસ પડ્યો.

'મને કહે કે તારી પત્રકાર વાઇફ બહુ હોંશિયાર છે. તારા નામનો ઉપયોગ કર્યા વિના મને મળી લીધું.'

'તો તો તને કાબરાએ શું વાત થઇ એ પણ કહ્યું હશે.' અંજલિને લાગ્યું કે જે વાત પોતે કરવા માગતી હતી જો એ હેમંતે જાણી લીધું હશે તો મજા મારી જશે.

'ના, ના, એણે મને કાંઇ કહ્યું નથી અને મેં એમને પૂછ્યું નથી. પ્રોફેશનલ એથિક્સ યુ સી.'

'હાશ' .અંજલિએ હાશકારો અનુભવ્યો.

'તું તારી વાત આગળ ચલાવ.' હેમંતે કહ્યું.

'હરિભાઇના ગુમ થયાને કેટલા વરસ થયા.?' અંજલિએ પૂછ્યું

'છ વરસ.' હેમંતે જવાબ આપ્યો.

'વકીલસાહેબ, તમે જાણો છો કે પતિ કે પત્ની બેમાંથી કોઇપણ લાપતા થઇ જાય અને સાત વરસ સુધી એમનો પત્તો ન મળે તો એને ગુમ થયેલી વ્યક્તિ સાથે આપોઆપ છૂટાછેડા મળી જાય છે અને કાનૂની વિધિ કર્યા પછી લગ્ન કરી શકે છે.? શરત એટલી છે કે સાત વરસ પૂરા થવા જોઇએ.'

હેમંત મનમાં હસતો હતો કે જેની જાણકારી એની પાસે છે એને નવેસરથી અંજલિ પાસેથી જાણવા મળી રહી છે.

'કેમ આમ મૂછમાં હસે છે?' અંજલિએ પૂછ્યું.

'કેમ કે મારી હોંશિયાર વાઇફે ઘરમાં વકીલ હોવા છતાં ઇન્વેસ્ટિગેશન કર્યું.'

'એટલે તને ખબર હતી.?'

'હાજી...ખબર તો હોય જ ને. વકીલ છું. અશોક અને હર્ષાને પરણાવવાનો તને કેટલો હરખ છે મારે એ જોવું હતું.'

'હરખ કરતા ય મને અશોક અને હર્ષા ભાભી વચ્ચે સહજ રીતે જન્મેલી લાગણીને વાજબી ઠરાવવામાં રસ છે. એ બંને મેચ્યોર છે, શું નૈતિક છે અને શું અનૈતિક છે એની સમજ એમને છે. જો એ બંને લગ્ન કરવા તૈયાર હોય તો કાનૂન પણ અટકાવી ન શકે...જોકે સારું છે કે આ માટે કાયદો ઘડાયો છે. તું શું માને છે.?' અચાનક અંજલિએ પૂછ્યું.

'અશોક મારો ફ્રેન્ડ છે એટલે મને એના માટે કૂણી લાગણી હોવાની જ. હું એમની વચ્ચે પાંગરેલા પ્રેમનો પણ વિરોધી નથી. સમાજની પણ મને કોઇ પરવા નથી. પણ કોણ જાણે કેમ અંજલિ.... લગ્ન માટે મારું દિલ નથી માનતું.'

'હું માનું છું કે કાયમ દિલ કહે એમ જ કરવું જોઇએ, પણ તને નથી લાગતું કે કોઇવાર દિમાગનું પણ સાંભળવું જોઇએ. હા, આમ જોઇએ તો અશોક અને હર્ષા વચ્ચેની લાગણી દિલની જ નિપજ છે, દિમાગની નહીં.'

અંજલિ અને હેમંત બંને દિમાગથી કામ લેનારા વ્યવસાયમાં છે. પણ અત્યારે પત્રકાર અંજલિ અને વકીલ હેમંત દિલનું સાંભળવાની દલીલ કરે છે. એકનું દિલ અશોક અને હર્ષાના લગ્ન માટે દિલનું સાંભળવાનું કહે છે જ્યારે બીજાનું દિલ માનતું નથી.

'હેમંત, મને કહે કે તારા દિલમાં શું ચાલે છે.?'

'મને એ જ નથી સમજાતું. બસ એટલું સમજાય છે કે અશોક અને હર્ષાએ પ્રેમને પોતાની જગ્યાએ રહેવા દેવો જોઇએ અને આગળ ન વધવું જોઇએ.'

'તું તારા દિમાગનું સાંભળ કે દિલનું...હું હર્ષા ભાભીને આ વાત કરવાની છું. તૈયારી માટે એક વર્ષ પૂરતું છે.' અંજલિએ પોતાના દિલની વાત જણાવી.

***

વલ્લભભાઇ અને શકુંતલા તેમના અંધેરીના ઘરે પાછાં જતાં રહ્યાં. ઘરનો માહોલ તંગ છે. કોઇ કોઇની સાથે વાત કરતું નથી. બાબા શેઠ પેઢીએ જતા રહે પછી તો ઘરમાં સાવ શાંતિ છવાઇ જાય.

અશોક બેંકમાં નોકરીએ ગયો. હર્ષા રાહુલને સૂવડાવવા એના રૂમમાં ગઇ. મંગુબા પોતાના રૂમમાં આરામ કરવા ગયાં. રામજી એના રૂમમાં છે. મંગુબાને ચેન નથી પડતું. એના રૂમમાં એ પડખાં ફેરવતા સૂતા છે.

થોડીવારે એ બહાર આવ્યાં ને હર્ષાના રૂમમાં ગયાં. હર્ષાને એમને જોઇને ઊભી થઇ ગઇ.

'શું થયું બા.?' રાહુલ સૂતો હતો એટલે એણે એકદમ ધીમા અવાજે પૂછ્યું.

'કાંઇ નહીં, તારી સાથે વાત કરવી છે. મારી રૂમમાં ચાલ.' મંગુબા બોલ્યાં.

શું વાત હશે જે એમના રૂમમાં કરવી છે એવું વિચારતી હર્ષા મંગુબાની પાછળ ગઇ.

ક્રાઈમ સીન ક્રાઈમ સીન ક્રાઈમ સીન ક્રાઈમ સીન ક્રાઈમ સીન

મંગુબાએ દરવાજો બંધ કર્યો. બંને પલંગ પર બેઠાં. હર્ષા ગુમ મીટિંગના રહસ્ય વિશે વિચારે છે.

'તું અશોક સાથે.' બોલીને મંગુબા અટકી ગયાં. હવે હર્ષાને સમજાયું કે વાત એની અને અશોકની છે. એ ચૂપ રહી.

'તું અશોક સાથે લગ્ન કરવા તૈયાર છો.?' મંગુબાએ અધૂરી વાત પૂરી કરી.

હર્ષાને શું જવાબ આપવો કે બોલવું ખબર પડી નહીં. એ ચૂપ જ રહી.

'જે થવાનું હતું એ થઇ ગયું. હરિ આવ્યો નહીં. કદાચ ભગવાનને એ જ મંજૂર હશે. માણસે હંમેશાં આગળનો વિચાર કરવો રહ્યો..જીવનમાં મુશ્કેલીઓ આવશે, પણ હું છું ને બધું બરાબર કરી દઇશ. તારા અને હરિના લગ્નની પણ સૌથી પહેલાં મેં જ હા પાડી હતી અને અશોક સાથેના લગ્ન માટે પણ હું રાજી છું.' મંગુબાએ એના માથા પર હાથ મૂક્યો.

હર્ષા ભાંગી પડી. મંગુબાના ખોળામાં માથું ઢાળી દીધું. થોડી ક્ષણો બાદ બોલી: 'એ શક્ય નથી બા, મેં અશોકને ના પાડી દીધી છે.'

'કેટલાક નિર્ણય દિલ પર પથ્થર મૂકીને લેવા પડતા હોય છે. અને આ તો દિલની વાત છે.' મંગુબાએ કહ્યું.

'દિલની વાત દિલમાં જ રહે તે સારું છે, બા.'

'મનને મારીને જીવવું નહીં...તારી સામે આખી જિંદગી પડી છે. રાહુલનો વિચાર કરવાનો છે તારે. મને લગ્નનું વચન આપ. કાલ સવારે હું હોઉં કે ન હોઉં.'

'ના બા, એવું ન બોલો.' હર્ષાએ મંગુબાના મોં પર હાથ મૂકી દીધો.

'શબ્દોને રોકી શકાય પણ, લાગણીને અટકાવી શકતી નથી.' મંગુબાએ કહ્યું. અને હર્ષાએ એમનો હાથ પોતાના હાથમાં લઇ લીધો.

(ક્રમશઃ) ■

અ લભ્ય ગ્રંથવિશ્વ

પરીક્ષિત જોશી
feedback@bombaysamachar.com

નાની વયે અપાર સ્નેહકીર્તિ પ્રાપ્ત કરી ચૂકેલા શાસ્ત્રજ્ઞનું કમંડલુ


કમંડલુ
લેખક: સ્વ. શાસ્ત્રી મૂળશંકર કે. પંડ્યા
અરુણ કાર્યાલય : મોડાસા


અનુક્રમણિકા

સંપાદકીય ૪૫
શ્રી મૂળશંકરભાઈ [જીવનચરિત્ર] ૫૫
વિભાગ
૧ એ જ વિભૂતિ ૩
૨ કુટુમ્બમાં દિગ્વિજય ૪
૩ સંપર્ક ૫
૪ પ્રવાસો ૬
૫ વાચના ૭
૬ કમંડલુ ૮
૭ તેજ ૮
૮ હૃદયકમળ ૯
૯ અમૂલ્ય આંસુ ૧૦
૧૦ અન્તર્વિપિકા ૧૦
૧૧ પિતૃ વરદાન ૧૧
૧૨ ગુણોનો માર્ગ ૧૨
૧૩ મૃત્યુમાંથી અમૃતત્વ ૧૪
૧૪ બે પક્ષી ૧૭
૧૫ સરિતા ૧૯
૧૬ વસન્ત કુમાર ૨૦
૧૭ મહાલક્ષ્યનું હાલરડું ૨૨
૧૮ વસન્તપંચમી ૨૩
૧૯ મેઘરાજ ૨૩
૨૦ રાજકુમારનો પત્ર ૨૪
૨૧ મેઘને આમંત્રણ ૨૫
૨૨ મેઘનો વરસ્યો ૨૭


સંપાદકીય

સ્વર્ગસ્થ શ્રી. મૂળશંકર કે. શાસ્ત્રીના ગદ્યપદ્ય લખાણોનો સંગ્રહ નાટકો મોડો પણ પ્રગટ કરતાં મને આનંદ થાય છે. સદ્ગતના દેહવિલયને અનેક વર્ષો થઇ ગયાં. તેઓના સ્મારક અંગે શાસ્ત્રીફંડ એકઠું કર વામાં આવ્યું હતું. મેં ધાર્યું હતું કે આમ આર્થિક મુશ્કેલીનો પ્રશ્ન ર થતાં, મારા કરતાં કોઈ વધુ યોગ્ય અને અનુભવી આ કાર્યનો મોભો સહર્ષ સ્વીકારી લેશે, પણ દુર્ભાગ્યે સદરહુ ફંડ સંતોષ કારક થવા ન પામ્યું અને મારી કલ્પના, યોજના, જે કંઈ તે વખતે મારા મનમાં જ રહી ગયું. વર્ષો એક પછી એક જવા લાગ્યાં, પણ આ બા રૂઝાતો નહિ. સ્વતંત્ર રીતે આ કાર્ય ઉપાડવા કોઈ તૈયાર ન થયું, છતાં સદ્ગતના સહવાસમાં આવેલા અનેક વિદ્યાર્થીઓ તેમ જ સ્નેહીઓ એવી ઇચ્છા દર્શાવતા કે આ કાર્ય કોઈ સ્વતંત્ર રીતે હાથમાં ને તો જરૂર સફળ થાય અને આર્થિક મદદ પણ સ્નેહીઓ તરફથી જરૂર મળી રહે. હું પોતે પણ આવી જ યોજના મનમાં ઘડી રહ્યો હતો. તેવામાં મારા પિતાશ્રી તેમ જ શ્રી. ચિમનલાલ વૈદ્ય તરફથી આ સંમ્મેલનનું સંપાદન હું કરું તેવી સાદર ઇચ્છા દર્શાવવામાં આવી. આમ બીજું તૈયાર ન હતું તેમ જાણતાં તેઓ આવી જ ઇચ્છા દર્શાવી ચૂક્યા હતા એ સ્વાભાવિક હતું. સદ્ગતના સ્નેહીઓ શ્રી. ગણપતિશંકર શાસ્ત્રી (વડાલી) તથા શ્રી. ભાર્ગવશંકરભાઈ મા. શાહ તેમ જ બીજાઓએ પણ આ યોજનાને અનુમોદન આપ્યું. મેં તે સહર્ષ સ્વીકારી લીધું.

મારે જણાવવું રહ્યું છે કે આ સંમ્મેલ તૈયાર કરવાનો અને પ્રસિદ્ધ કરવાનો બહુધા નૈતિક બોજો જ મારે શીર રહેવા પામ્યો છે. તે તો લગભગ કહ્યું જ કર્યું નથી એમ કહું તો ચાલે. હસ્તલિખિત ગ્રંથ જ છપાયેલા 'અરુણ' ના જૂના અંકો આમતેમથી ભેગા કરવા તેમ જ સંસ્કૃત તેમ જ ગુજરાતી કેટલાંક માસિકોમાં અવારનવાર પ્રગટ થયેલા લેખો એકઠા કરવાનું-બહુ બુદ્ધિનું નહિ-એટલું જ કામ મેં તે કર્યું કહેવાય. પુસ્તક પ્રસિદ્ધ કરવાનું ભયંકર કામ મારે શીર આવ્યું નામકરણ કરવાનો મુદ્દો આવ્યો ત્યારે એમના રસરુચિ અને પ્રવૃત્તિને સાગમટે વ્યક્તિ કરતું નામ કમંડલુ ખપમાં આવ્યું.

શાસ્ત્રીજીએ ગદ્ય પદ્ય બંન્ને પર હાથ અજમાવ્યો છે. એમનાં લખાણોમાંથી પસંદ કરીને થોડાક ગદ્યપદ્ય લેખોનો સંગ્રહ કમંડલુમાં કરવામાં આવ્યો છે. એના પરથી એમની વિચારસૃષ્ટિ કેટલી વ્યાપક હતી એનો આપણને ખ્યાલ આવે છે. તેમણે સંસ્કૃતિમાં કેટલાક લેખો, કાવ્યો અને સંવાદો લખ્યા


શ્રી મૂળશંકરભાઈ

કવિવર ટાગોર એક કાવ્યમાં કહે છે તેમ, 'કીર્તિરૂપ રથમાં બેઠેલો માનવી કાળને રથ બની આગળ ચાલ્યો જાય છે, પણ એનો રથ પાછળ પૃથ્વી પર રહી જાય છે.' શ્રી મૂળશંકરભાઈનો રથ પણ ચાલ્યો ગયો, પણ અક્ષર દેહે, કીર્તિદેહે, તેઓ તેમનાં સુહૃદો, સ્નેહીઓ ને મિત્રોની વચમાં હયાત છે. નશ્વર જગતમાં દરેક વસ્તુ નશ્વર છે, દરેક વસ્તુ કાલાધીન છે; તકાવત માત્ર કાલાધીન થવાની મર્યાદાનો છે. આપણો 'તાજમહાલ' પણ કાલાધીન છે, ને કાલિદાસનું 'શાકુંતલ' પણ કાલાધીન છે; પણ વિનાશ એક દિન અવશ્યભાવિ છે એ તત્ત્વજ્ઞાનના જોર પર આજના અવિનાશી જીવનને અવગણી અને નિરૂપયોગી ગણી હસી કાઢી શકાશે નહિ, જે જીવન દૃષ્ટિ સામે પોતાની પ્રખર સુવાસ પ્રસરાવી રહ્યું છે તે જીવનને જીવનના જ અર્થમાં સમજવું, સંસારનાં આપણ માનવીઓને માટે ઠીક છે.

એટલે, આકાશનો સૂર્ય પણ બ્રહ્માંડના બીજા સૂર્યો આગળ રજકણ જેવડો છે એ જ્ઞાનથી એ સૂર્યનું મૂલ્ય આપણે માટે રજકણ જેવડું ઠરતું નથી. તેમ આકાશનો સૂર્ય આપણા ઘરના દીવાથી કરોડો ગણો પ્રચંડ તેજસ્વી છે એ જ્ઞાન આપણા ઘરદીવડાને નિરર્થક ઠરાવતું નથી. 'સરસ્વતીચંદ્ર'નો વિરલ ગ્રંથ લખનાર શ્રી ગોવર્ધનરામભાઈએ સાક્ષર શ્રી નવલરામની જીવનકલા (કે અવસાનકલા?) લખતાં લખ્યું છે તેમ

જ્યોમદીપ રવિ નભ બિંદુ, તો ઘરદીવડાં શું ખોટાં?

શ્રી મૂળશંકરભાઈ તેવા 'ઘર દીવડા' હતા. તેમનો પ્રકાશ એક નાના સરખા ઘરને અજવાળી ગયો, રાત્રિના અંધકારમાં માણસોને ભલે થોડા, દૃષ્ટિ આપી ગયો, પદાર્થનું અને દિશાનું જ્ઞાન સુઝાડી ગયો. એ 'દીવડા'ના જ્યોતિમાં જેમણે સ્નાન કર્યું છે દૃષ્ટિને સમૃદ્ધ કરી છે એવા કેટલાક બંધુઓ તરફથી સદ્ગતની સ્મૃતિ છે. તેમાંના કેટલાંક સંસ્કૃત સામયિકોમાં છપાયા હતા. મરાઠી ભાષામાં પણ તેઓ પ્રવેશ કરી ચૂક્યા હતા. શ્રીમદ્ ભાગવતના અભ્યાસના પરિપાક રૂપે તેમણે 'શ્રી ભાગવત પ્રવેશિકા' અને 'શ્રી ભાગવત નિમજ્જન' નામે બે પુસ્તકો લખેલાં છે, જે આજે અપ્રાપ્ય છે.

કમંડલુ પુસ્તકનું શું મહત્ત્વ છે એ એના પાનેપાનેથી પસાર થતાં આપણે સમજી શકીએ. માત્ર ૩૭ વર્ષના આયુષ્યમાં અધ્યયન અને અધ્યાપન બેય ક્ષેત્રે પોતાની આગવી છાપ છોડી ચૂકેલા શાસ્ત્રીજીએ ભાષાજ્ઞાન માટે પણ ઘણું તપ કર્યું હતું. સંસ્કૃત તો એમનો વિષય છતાં સમયની સાથે ચાલવા માગતા શાસ્ત્રીજીએ અંગ્રેજીનું પણ પ્રાથમિક જ્ઞાન મેળવ્યું હતું. ટૂંકાગાળાની શૈક્ષણિક કારકિર્દીમાં અગણિત વિદ્યાર્થીઓના પ્રીતિપાત્ર બની શકવું એ પણ એમનું કૌશલ્ય દર્શાવે છે.

ગુજરાતની ધરતી પર થઈ ગયેલા આવા વિશિષ્ટ મહાનુભાવ સંદર્ભે જ્યાંથી મળી ત્યાંથી શોધી-ભેગી કરીને પસંદગીની સામગ્રીને ૨૨૬ પાનાની સામગ્રી દ્વારા એક કમંડલુમાં ભરી આપવા માટે આ પુસ્તકના સ્વપ્નદૃષ્ટા અને સંપાદક નટવરલાલ મો. ગાંધી પણ અભિનંદનને પાત્ર છે. એમણે ગુરુદક્ષિણારુપે આ જે ગ્રંથરત્ન પ્રગટ કર્યો છે એ ગુજરાતી ભાષાસાહિત્ય માટે એક ઉત્તમ ઘરેણું બની રહે એમ છે. ■